# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-10-2024 Morning : 7.45 to 7.55

Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

****************************************************

- જમ્મુ કાશ્મીરમાં ત્રીજા તબક્કામાં 40 વિધાનસભા બેઠકો માટે શાંતિપૂર્ણ રીતે મતદાન શરૂ
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમૈકાના પ્રધાનમંત્રી સાથે દ્વીપક્ષિય વાતચિત કરશે.. અનેક સમજૂતી કરાર પર હસ્તાક્ષર થશે
- કેન્દ્રએ ગુજરાત, મણિપુર અને ત્રિપુરા જેવા પૂરગ્રસ્ત રાજ્યોને એડવાન્સ પેટે 675 કરોડ રૂપિયાની ફાળવણીને મંજૂરી આપી
- આરોગ્ય મંત્રાલયે મૃત્યુ શૈયા પર રહેલા દર્દીઓની જીવન સહાય પાછી ખેંચવા સંબંધિત ડ્રાફ્ટ માર્ગદર્શિકા જારી કરી છે
- યુધ્ધનો સામનો કરી રહેલા યુક્રેનને યુરોપિયન યુનિયન પચાસ અબજ ડોલરની લોન આપશે

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# J&K- 3RD PHASE VOTING

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી માટે ત્રીજા અને અંતિમ તબક્કાનું મતદાન શરૂ થઇ ગયું છે.. 7 જિલ્લાઓની ચાલીસ બેઠકો ઉપર સુચારુ, શાંતિપૂર્ણ મતદાન થઈ રહ્યું છે. આજે સાંજે 6 વાગ્યે સુધી યોજાનારા મતદાન માટે તમામ મતદાન મથકો પર પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે જ્યારે 20 હજારથી વધુ મતદાન કર્મચારીઓ ફરજ પર મુકાયા છે. કાશ્મીર ખીણના બારામુલ્લા, કુપવાડા અને બાંદીપોરાના સાત જિલ્લાઓ અને જમ્મુના જમ્મુ, ઉધમપુર, કઠુઆ અને સાંબા જિલ્લામાં પાંચ હજાર 60 મતદાન મથકો છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે ત્રીજા તબક્કામાં 39 લાખથી વધુ મતદારો 415 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. કાશ્મીર વિભાગમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મુઝફ્ફર હુસૈન બેગ, બશારત બુખારી, સજ્જાદ ગની લોન અને નાસિર અસલમ વાની અને જમ્મુ વિભાગમાં દવિંદર સિંગ રાણા, ચૌધરી લાલ સિંહ અને રમણ ભલ્લા ચૂંટણી મેદાનમાં છે.

કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રથમ બે તબક્કા માટે 18મી અને 25મી સપ્ટેમ્બરે મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં 61 ટકા અને બીજા તબક્કામાં 57 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

# PM JAMICA BILETRAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં જમૈકાના પ્રધાનંમંત્રી ડૉ. એન્ડ્રુ હોલનેસ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે. વાતચીત દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે અનેક કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

ડો. એન્ડ્રુ હોલેનેસની આ પ્રથમ ભારત મુલાકાત છે. તેઓ અહીં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિને પણ મળશે. ચાર દિવસની મુલાકાત દરમિયાન તેઓ ઉદ્યોગ અને અગ્રણી વેપારીઓને પણ મળશે. જમૈકાના પ્રધાનમંત્રી આવતીકાલે વારાણસીની પણ મુલાકાત લેશે.

# NDRF

કેન્દ્રએ ગુજરાત, મણિપુર અને ત્રિપુરા જેવા પૂરથી પ્રભાવિત રાજ્યોને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાંથી એડવાન્સ તરીકે 675 કરોડ રૂપિયાની ફાળવણીને મંજૂરી આપી છે. કુલ રકમમાંથી ગુજરાત માટે 600 કરોડ રૂપિયા, મણિપુર માટે 50 કરોડ રૂપિયા અને ત્રિપુરા માટે 25 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આ રાજ્યો આ વર્ષે ચોમાસા દરમિયાન અતિ ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી અસરગ્રસ્ત થયા છે.

ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પૂરથી પ્રભાવિત રાજ્યોને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. મંત્રાલયે ઉમેર્યું હતું કે આ વર્ષ દરમિયાન આસામ, મિઝોરમ, કેરળ, ત્રિપુરા, નાગાલેન્ડ, ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને મણિપુર અત્યંત ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે પ્રભાવિત થયા હતા.

નુકસાનનું સ્થળ પર મૂલ્યાંકન કરવા માટે બિહાર અને પશ્ચિમ બંગાળના પૂર પ્રભાવિત વિસ્તારોમાં આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમો પણ ટૂંક સમયમાં મોકલવામાં આવશે તેવી કેન્દ્રીય ગૃહમંત્રાલયે માહિતી આપી હતી.

# HEALTHDRAFT PLAN

આરોગ્ય મંત્રાલયે મૃત્યુ શૈયા પર રહેલા દર્દીઓની જીવન સહાય પાછી ખેંચવા સંબંધિત ડ્રાફ્ટ માર્ગદર્શિકા જારી કરી છે. આ અંગે લોકોના મંતવ્યો મંગાવતી માર્ગદર્શિકા જાહેર કરાઇ છે. દર્દીની સ્થિતિમાં 72 કલાક પછી કોઇપણ સુધારો નથતો હોય તેવી મગજની ગંભીર ઈજા પણ આ શ્રેણીમાં સામેલ છે. ડોકટરોને સલાહ આપવામાં આવે છે કે તે તમામ પરિબળોને ધ્યાનમાં લીધા પછી આ અંગે નિર્ણય કરે.

આરોગ્ય મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે ઇન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં ઘણા દર્દીઓ અસાધ્ય રોગોથી પીડાય છે અને તેમને લાઇફસપોર્ટ સિસ્ટમ્સમાંથી કોઈ લાભ મળવાની શક્યતા નથી. આવી સ્થિતિમાં, જીવન સહાયથી કોઈ ફાયદો થતો નથી અને દર્દીઓને દુઃખ અને બિનજરૂરી નાણાકીય બોજ સહન કરવો પડે છે. આ માર્ગદર્શિકામાં જણાવાયું છે કે આ અભિગમને સમગ્ર વિશ્વમાં પ્રમાણભૂત સઘન સંભાળ ગણવામાં આવે છે. મંત્રાલયે કહ્યું કે આવા નિર્ણયોમાં તબીબી, નૈતિક અને કાયદાકીય આધાર મહત્વપૂર્ણ છે.

# KAZAKHSTAN MILITARY

ભારત-કઝાકિસ્તાન સંયુક્ત સૈન્ય અભ્યાસ KAZIND -2024 ની આઠમી આવૃત્તિ ગઈકાલે ઉત્તરાખંડમાં શરૂ થઈ છે. ભારતીય સશસ્ત્ર દળોનું પ્રતિનિધિત્વ ભારતીય સેનાની કુમાઉ રેજિમેન્ટની બટાલિયન દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં 120 જવાનોનો સમાવેશ થાય છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, સંયુક્ત કવાયતનો હેતુ આતંકવાદ વિરોધી કાર્યવાહી હાથ ધરવા માટે બંને પક્ષોની સંયુક્ત સૈન્ય ક્ષમતાને વધારવાનો છે. મંત્રાલયે કહ્યું કે આ કવાયત અર્ધ-શહેરી અને પર્વતીય વિસ્તારોમાં કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરશે. મંત્રાલયે કહ્યું કે આનાથી સંરક્ષણ સહયોગમાં વધારો થશે અને બંને સેનાઓ વચ્ચે આંતરપ્રક્રિયાને સરળ બનાવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

# 100 DAYS-MANOHAR

હાઉસિંગ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી મનોહર લાલે કહ્યું છે કે, મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પ્રથમ 100 દિવસમાં શહેરી માળખાગત વિકાસ અને હાઉસિંગ ક્ષેત્રને સુધારવા માટે સરકારે ઘણા પગલાં લીધાં છે. ગઈકાલે નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા મંત્રીએ માહિતી આપી હતી કે સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજનાના બીજી તબકકામાં એક કરોડ શહેરી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને બે લાખ 30 હજાર કરોડ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડવા માટે મંજૂરી આપી છે.

મંત્રી મનોહરલાલે એ પણ માહિતી આપી હતી કે છેલ્લા 10 વર્ષમાં મેટ્રો સેવાઓને દેશના 21 શહેરોમાં વિસ્તારવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે 700 કિલોમીટરની નવી મેટ્રો લાઇન કાર્યરત કરવામાં આવી છે, જેનાથી કુલ કાર્યરત લંબાઈ 945 કિલોમીટર થઈ ગઈ છે. તેમણે શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સંબંધિત યોજનાઓમાં આઠ લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણનો પણ અહીં ઉલ્લેખ કર્યો હતો.. તેમણે કહ્યું કે, રોકાણ 2004 થી 2014 ના સમયગાળા કરતા 21 ગણું વધુ છે. કાર્યક્રમ દરમિયાન મંત્રીએ સ્વચ્છતા હીસેવા 2024 પર તાલીમ મોડ્યુલ પણ લોન્ચ કર્યું હતું.

# CBI CYBER CRIME ACTION

કેન્દ્રીય તપાસ સંસ્થા- સીબીઆઇએ વિશ્વભરમાં છેતરપિંડી પ્રવૃત્તિમાં સંડોવાયેલા અત્યંત સંગઠિત સાઇબર ક્રાઇમ નેટવર્કનાં 26 ગુનેગારોની ધરપકડ કરી છે. સીબીઆઇએ ટેકનોલોજી આધારિત ગુનાઇત નેટવર્કનો પર્દાફાશ કરવા વિવિધ શહેરોમાં 32 સ્થળોએ શોધ અભિયાન હાથ ધરીને આ આરોપીઓની ધરપકડ કરી છે.

એજન્સીએ જણાવ્યું હતું કે, આ ગુનેગારોમાં પૂણેનાં 10, હૈદરાબાદના 5 અને વિશાખાપટ્ટનમમાં 11 વ્યક્તિનો સમાવેશ થાય છે. સીબીઆઇએ ગુનાઇત પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવાયેલા ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો, મોબાઇલ ફોન, લેપટોપ, નાણાંકીય માહિતી, કમ્યુનિકેશન રેકોર્ડ સહિત 950 ચીજો પણ જપ્ત કરી છે. ટીમને શોધખોળ દરમિયાન 58 લાખ રૂપિયા રોકડ, ત્રણ લક્ઝરી વાહનો અને લોકરની ચાવી પણ મળી આવી છે.

સીબીઆઇએ જણાવ્યું છે કે, વ્યાપર સ્તરે હાથ ધરવામાં આવી રહેલા ઓપરેશન ચક્ર-ત્રણનાં ભાગ રૂપે એજન્સીનો આંતરરાષ્ટ્રીય કામગીરી વિભાગ ઇન્ટરપોલ અને કાયદા સંસ્થાઓ સાથે મળીને ટેકનોલોજી સંલગ્ન ગુનાઇત નેટવર્ક સામે પગલાં ભરી રહી છે.

# EC- UKRAINE

યુરોપિયન કમિશને કહ્યું છે કે G-7 દેશો આ મહિનાના અંત સુધીમાં યુક્રેન માટે 50 અબજ ડોલરની લોન આપશે... આ અંગે તમામ સાત રાષ્ટ્રો સમજૂતી કરશે ત્યારે બાદ યુક્રેનને લોન આપવામાં આવશે...

પશ્ચિમમાં સ્થિર રશિયન અસ્કયામતોમાંથી થયેલા નફામાંથી આ લોન અપાશે. આ અસ્કયામતોમાંથી લગભગ 210 બિલિયન યુરો યુરોપિયીન યુનિયનમાં છે.. G7 દેશોમાં અમેરિકા, કેનેડા, જાપાન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને ઇટાલીનો સમાવેશ થાય છે.

.

# USA-HURRICANE

અમેરિકામાં ત્રાટકેલા વાવાઝોડા હેલેનના પગલે પૂર અને અન્ય બનાવોમાં 116 લોકોના મોત નિપજ્યાં છે. અને વીજપુરવઠો ખોરાવાઇ જતાં આશરે 27 લાખથી વધુ લોકોને અસર થઇ છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ 300થી વધુ રસ્તાઓ પૂરના કારણે બંધ રાખવાની ફરજ પડી છે. અને ધણા પૂલને વ્યાપક નુકસાન થયું છે. વાવાઝોડાને કારણે ઉત્તર કેરોલીનામાં સદીના સૌથી ગંભીર પૂરનું સંક્ટ ઉભું થયું છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  પ્રવેશ અડિએચા

- તિરુપતિ મંદિરના પ્રસાદ વિવાદ અંગેના કેસની સર્વોચ્ચ અદાલતમાં થયેલી સુનાવણીના સમાચાર મોટાભાગના અખબારોએ પહેલા પાના પર લીધા છે.
- ગુજરાત સમાચાર લખે છે, તિરુપતિ મંદિરના પ્રસાદના લાડુમાં જાનવરોની ચરબીનો દાવો કરનારા સીએમ ચંદ્રાબાબુનો સુપ્રીમે ઉધડો લીધો – કહ્યું, હિન્દુઓની આસ્થા સાથે રાજકારણ ના રમો.
- સર્વોચ્ચ અદાલતની ટિપ્પણીને ટાંકીને સંદેશ અને નવગુજરાત સમય મુખ્ય શીર્ષકમાં લખે છે, ભગવાનને રાજકારણથી દૂર રાખો. તો "ભગવાનને રાજનીતિથી દૂર રાખો" આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે.
- "પુરાવા નહોતા તો લાડુમાં ચરબીયુક્ત ઘીનો દાવો કેમ કર્યોઃ સુપ્રીમનો સવાલ" આ દિવ્ય ભાસ્કરનું શીર્ષક છે.
- દિવ્ય ભાસ્કર મુખ્ય શીર્ષકમાં લખે છે, પાકિસ્તાનથી માત્ર 130 કિલોમીટરના અંતરે ડીસામાં એરફોર્સનું નવું સ્ટેશન બનશે.
- નવગુજરાત સમય લખે છે, શહેરમાં ડેન્ગ્યૂના કેસોમાં ગત માસની સરખામણીએ 57 ટકાનો વધારો થયો.
- ગુજરાત સમાચાર લખે છે, વડોદરામાં હરણી બૉટ દુર્ઘટના કેસમાં પાંચ આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યા.
- સંદેશ લખે છે, અમેરિકા ભારતીયો માટે 2.5 લાખ વધારાની વિઝા એપોઇન્મેન્ટ આપશે.
- સંદેશ લખે છે, 'વાસ્મો'ને 'નલ સે જલ'ની બધી વિગતો વેબસાઈટ પર મૂકવા RTIનો કડક આદેશ.